તાપમાન
મહત્તમ : ૩૨.૩ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૬૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૭૬ | ૬ સપ્ટેમ્બર, ૨૦૧૬, મંગળવાર ; ભાદરવા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
પાટનગરનું પોતાનું ગાંધીનગર સ

# જી-૨૦માં પાકને મોદીની ફટકાર

## દક્ષિણ એશિયામાં એક જ દેશ ત્રાસવાદ ફેલાવે છે :નરેન્દ્ર મોદી : જી-૨૦ દેશોની બેઠકના બીજા અને અંતિમ દિવસે નામ લીધા વગર વિશ્વના દેશો સામે પાકને મોદીએ ફટકાર લગાવી : આતંકવાદને ચલાવી નહીં લેવાય



હાંગઝૂ,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જી-૨૦ દેશોની બેઠકમાં આતંકવાદના મુદ્દા ઉપર આજે કઠોર વલણ અપનાવ્યું હતું. મોદીએ આ બેઠકમાં પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું હતું કે, કેટલાક એવા દેશો છે જે આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યા છે. જી-૨૦ બેઠકના અંતિમ દિવસે મોદીએ પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું હતું કે, દક્ષિણ એશિયાના એક માત્ર દેશે સમગ્ર ક્ષેત્રમાં આતંકવાદને વધારવા માટે પોતાના એજન્ટો મોકલવાની ગતિવિધિ જારી રાખી છે. દક્ષિણ એશિયામાં એકમાત્ર રાષ્ટ્ર જે ત્રાસવાદી ગતિવિધિને ફેલાવીને આ ક્ષેત્રના દેશોને પરેશાન કરવાની નીતિ અપનાવે છે. ચીનના હાંગઝૂમાં જી-૨૦ બેઠકના બીજા અને છેલ્લે દિવસે મોદી લાલઘૂમ દેખાયા હતા. આતંકવાદના મુદ્દા ઉપર તેમણે કહ્યું હતું કે, ભારતની આતંકવાદની સામે જીરો ટોલરન્સની પોલિસી છે. ભારત કોઈપણ પ્રકારના આતંકવાદને ચલાવી લેશે નહીં. આતંકવાદ માત્ર આતંકવાદ છે. મોદીએ આતંકવાદના સમર્થન કરનાર દેશ અને સંગઠન ઉપર પ્રતિબંધની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, આતંકવાદનું સમર્થન કરનાર દેશોને અલગ પાડી દેવા જોઈએ. તમામ સમુદાયે એક સાથે મળીને જવાબ આપવો જોઈએ. ૨૦૧૪ના મે મહિનામાં ભારતનું નેતૃત્વ સંભાળી લીધા બાદ મોદીએ કોઈપણ આંતરરાષ્ટ્રીય મંચ ઉપર પાકિસ્તાન ઉપર આટલા તીખા પ્રહારો પ્રથમ વખત કર્યા છે. મોદીએ આ પ્રહારો એવા દેશમાં કર્યા છે જે દેશ

● અનુસંધાન પાન-૭ પર

## ચીન પોતાને કાબૂમાં રાખે : ઓબામા

હાંગઝૂ,તા. ૫

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ ચીનના આક્રમક વ્યવહારને લઈને વાંધો ઉઠાવ્યો છે. બરાક ઓબામાએ પોતાનો નિયંત્રણમાં રાખવા ચીનને સલાહ આપી છે. સાથે સાથે એમ પણ કહ્યું છે કે, ચીન પોતાને અંકુશમાં નહીં રાખે તો તેના પરિણામો સામે આવી શકે છે. ઓબામાએ કહ્યું છે કે, ઉભરતી ચીનની આર્થિક નીતિઓ અને વિવાદાસ્પદ સાઉથ ચાઈના શી ઉપર કઠોર વલણને લઈને પડોશી દેશો ચિંતિત છે. આવી સ્થિતિમાં ચીને પોતાને અઁકુશમાં રાખવાના પ્રયાસ કરવા જોઈએ. ચીની પ્રમુખ સાથે આ મુદ્દે વાતચીત પણ કરવામાં આવી ચુકી છે. તેમણે કહ્યું હતું કે, અમેરિકા પોતાનો અંકુશમાં રાખીને જ શક્તિશાળી બન્યું હતું. એક અગ્રણી ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં ઓબામાએ આ મુજબની વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, અમે આંતરરાષ્ટ્રીય ધારાધોરણો અને કાયદાઓ સાથે બંધાયેલા છે. કાયદાની સાથે રહેવાની જરૂર છે.

# ઈપીએફ-પીપીએફ પર વ્યાજદર ઘટાડવા માટે સક્રિય વિચારણા

## ગયા વર્ષની જેમ આ વર્ષે ૮.૮ ટકાનો વ્યાજદર નહીં મળે તેવા સંકેત : નાના રોકાણકારો અને પગારદાર વર્ગને નિવૃત્તિ બચત ઉપર વ્યાજદર ઓછા મેળવવા માટે તૈયાર થઇ જવાની જરૂર

નવી દિલ્હી,તા. ૫

શેરબજારમાં એકબાજુ નીતિગત વ્યાજદરમાં ઘટાડાની રાહ જોવામાં આવી રહી છે ત્યારે નાના રોકાણકારોને અને પગારદાર વર્ગના લોકોને પણ પોતાની નિવૃતિ બચત પર ઓછા વ્યાજ માટે તૈયાર થઈ જવાની જરૂર છે. છેલ્લા છ મહિનાના ગાળામાં બોન્ડ યીલ્ડમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમાં તીવ્ર મંદીના કારણે હાલત કફોડી બની છે. જેથી ઈપીએફ પર આ વર્ષે ગયા વર્ષની જેમ જ ૮.૮ ટકા વ્યાજ મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. નણાં મંત્રાલય પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ) અને સિનિયર સિટીજન્સ સેવિગ્સ સ્કીમ હેઠળ અન્ય બચત યોજના પર પણ વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. નાની બચત યોજનાના વ્યાજદર સરકારી

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી ભીમસિંહજી ચાવડાનું દુઃખદ અવસાન તા. ૧/૯/૨૦૧૬ના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૮/૯/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં.૫૧૨/૨, કોલવડાનગર સોસાયટી, બગીચા પાસે, સેક્ટર-૨૮, ગાંધીનગર**

ચાવડા વિજયસિંહ દિનેશસિંહ
ચાવડા મૌલ્યરાજસિંહ વિજયસિંહ
ચાવડા અભીરાજસિંહ ધર્મેન્દ્રસિંહ
ચાવડા દિનેશસિંહ ભીમસિંહજી
ચાવડા બળવંતસિંહ ભીમસિંહજી
ચાવડા ધર્મેન્દ્રસિંહ હમીરસિંહ







